ગાંધીનગરસમાચાર
તા. ૧૦-૧૧-૨૦૧૩, રવિવાર

તંત્રી સ્થાનેથી.....

સીબીઆઈ રૂપી વાઘને નહોર પહેરાવવા જરૂરી

ગુવાહાટી હાઈકોર્ટના અણધાર્યા ચુકાદાથી સીબીઆઈનું ભવિષ્ય જોખમમાં મુકાઈ ગયું છે. એની સ્થાપનાની પ્રક્રિયા જ ગેરબંદારણીય હોવાનું જણાવીને અદાલતે ઘણાં વર્ષોથી સરકારની બાઘડ બિલ્લી જેવી સીબીઆઈની સત્તાને જ પડકારી નથી, એનો ઉપયોગ કે દુરુપયોગ કરનારી રાજ્યસત્તા સામે પણ મોટો પડકાર ઊભો કર્યો છે. જોકે દેશમાં અનેક કૌભાંડોનો પર્દાફાશ કરવા ઉપરાંત સીબીઆઈએ ભલભલા ચમરબંધીઓની પોલ ખોલી હોવાના કિસ્સા જાહેર છે. સીબીઆઈ આમ તો 'સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન'નું ટૂંકું રૂપ છે પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષથી મુખ્ય વિપક્ષ ભારતીય જનતા પાર્ટી એને 'કૉંગ્રેસ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન' કહી માત્ર વિરોધીઓની સામે હિસાબ પતાવવા માટેનું સરકારી માધ્યમ ગણાવવા લાગી છે. સીબીઆઈનો રાજકીય દુરુપયોગ એ કોઈ નવી બાબત નથી. મૂળે એ વડાપ્રધાનની સત્તા હેઠળ આવતી હોઈ સરકાર એની અનુકૂળતા મુજબ એનો ઉપયોગ કરતી જ રહી છે. એમાં એનડીએ સરકાર પણ અપવાદરૂપ નથી. મુલાયમસિંહ અને માયાવતી જેવા પ્રાદેશિક પક્ષોના નેતાઓ સીબીઆઈ વિશે અવારનવાર નકારાત્મક અભિપ્રાય આપતા રહ્યા છે. સીબીઆઈની બીક બતાવી આવા પ્રાદેશિક પક્ષોનો સહયોગ મેળવવામાં આવતો હોવાની અફવામાં પણ દમ છે. ખુદ મુલાયમસિંહ જેવા વિપક્ષી નેતાઓએ અવારનવાર આ વાત કબૂલી છે. સીબીઆઈ તપાસના નામે વર્ષો સુધી આવા નેતાઓના માથે લટકતી તલવાર રાખીને ખરા સમયે એમનો સીધો કે આડકતરો ટેકો મેળવવાની રાજનીતિ કોઈથી અજાણી નથી રહી. બીજી તરફ સુપ્રીમ કોર્ટ એને 'પાંજરે પુરાયેલા પોપટ' સાથે સરખાવી એની કાર્યદક્ષતા સામે પ્રશ્ન ઉઠાવેલો છે. તેમ છતાં સરકાર પાસે વિવિધ મુદ્દાઓ પરત્વે સ્થાનિક પોલીસ તપાસની જગ્યાએ વિપક્ષ દ્વારા તેમજ પ્રજા દ્વારા સીબીઆઈ તપાસ માગવામાં આવે છે, એ શું દર્શાવે છે? હજી પણ પ્રજાને સ્થાનિક પોલીસ કે સીઆઈડી કરતાં સીબીઆઈ વધુ કડકાઈ પૂર્વક તપાસ કરશે અને ગુનાના મૂળ સુધી પહોંચવામાં સફળતા મેળવશે એવો વિશ્વાસ અકબંધ રહેવા પામ્યો છે. દેશની આવી વિશ્વસનીય રાષ્ટ્રીય તપાસ સંસ્થા- ગુના શોધક સંસ્થાને સમૂળગી ગેરબંદારણીય ઠેરવવાથી તો અત્યાર સુધીના અનેક કેસોની તપાસ કરવા માટેની એની સત્તા સામે જ પ્રશ્નાર્થ ઊભો થઈ ગયો છે. ટુ-જી કૌભાંડમાં કરોડોના ગોટાળાનો આક્ષેપ ધરાવતા પૂર્વ કેન્દ્રીય મંત્રી એ. રાજા અને શીખોના સામૂહિક હત્યાકાંડમાં સંડોવાયેલા સાંસદ સજ્જનકુમાર જેવા અનેક આરોપીઓ ગુવાહાટી હાઈકોર્ટના નિરીક્ષણથી તાનમાં આવી ગયા છે. ગુજરાતનાં કોમી રમખાણોમાં સીબીઆઈએ મુખ્યમંત્રીને ક્લીનચીટ ના આપી હોત તો એ અત્યારે નરેન્દ્ર મોદીના સીધા ટાર્ગેટ હેઠળ હોત. જો કે સીબીઆઈ એમને અનુકૂળ રહી હોવા છતાં મોદીએ તો એના પર હુમલો કરવાનું રાજકારણ ચાલુ જ રાખ્યું છે. પોતાની સામે કૉંગ્રેસ નહીં પણ 'સીબીઆઈ' ચૂંટણી લડવાની છે એવી જાહેરાત કરીને સત્તાધારી પક્ષ સરકારી તપાસ એજંસીનો કેવો દુરુપયોગ કરી રહી છે, એ જ દર્શાવવા માગતા હોય છે. સીબીઆઈની બંધારણીયતાના મુદ્દે કેન્દ્ર સરકાર ગુવાહાટી હાઈકોર્ટના ચુકાદા સામે સ્ટે મેળવી સુપ્રીમ કોર્ટનું માર્ગદર્શન માગવાની છે. આવી ઉચ્ચસ્તરીય તપાસ સંસ્થાની તટસ્થતા વિશે વારંવાર શંકા-કુશંકા કરાતી રહી હોવા છતાં એની કાર્યક્ષમતા સંદર્ભે પ્રજામાં ભારે વિશ્વસનીયતાનું વાતાવરણ પ્રવર્તે છે ત્યારે સરકારે એને દાંત વગરનો વાઘ નહીં રહેવા દેતાં સ્વતંત્ર સત્તાઓથી સજ્જ કરવાની જરૂર છે. સીબીઆઈની સ્વાયત્તતા વિશેની માગ ઘણી જૂની છે. એને વડાપ્રધાનના અંકુશથી પણ મુક્ત કરવાની હિમાયત થતી રહી છે. ખુદ વડાપ્રધાનને સીબીઆઈ તપાસ હેઠળ મૂકવાની ચર્ચા થતી રહી છે. અણ્ણા હજારે અને કેજરીવાલ પ્રેરિત જનલોકપાલ બિલમાં સીબીઆઈને જે સ્વાયત્તતા આપવાની માગણી કરાયેલ છે, તેને સુપ્રીમ કોર્ટે માર્ગદર્શક સિદ્ધાંત તરીકે સ્વીકારવા કેન્દ્ર સરકાર પર દબાણ લાવી આ વગોવાઈ ગયેલી વિશિષ્ટ સંસ્થાને બચાવી લેવાનો સમય પાકી ગયો છે.

કડી સંકુલ સે-૨૩ ખાતે ચાલી રહેલ એન.એસ.એસ. નાં પ્રિ પરેડ કેમ્પમાં વિવિધ રાજ્યોમાંથી આવેલા વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોની સુંદર રજુઆત કરવામાં આવી રહી છે. (તસવીર : હરસુખ નિમાવત)

ગુજરાતી નાટક ૧૦૨ નોટઆઉટ પરથી હિન્દી ફિલ્મમાં અમિતાભ બચ્ચન મુખ્ય ભૂમિકામાં

મુંબઈ અને ગુજરાતમાં ૩૦૦ થી વધુ શો કરનાર સોમ્ય જોશીના આ નાટકમાં પરેશ રાવલ પણ મહત્વની ભૂમિકા ભજવશે : એપ્રિલથી ફિલ્મનું શુટીંગ શરૂ થશે

ગાંધીનગર, તા. ૯

ગુજરાતી રંગભૂમિનું સ્તર હવે ધીમે ધીમે ઉંચકાતુ જાય છે. નવા નવા વિચારોને મજબુત વાર્તા સાથે ગુજરાતી રંગભૂમિના સશક્ત અભિનેતાઓનો અભિનય ભળે છે ત્યારે સર્જાતા નાટકો જોવા દર્શકોપડાપડી કરે છે. ખુબજ સફળ રહેલા ગુજરાતી નાટકોમાં હવે હિન્દી ફિલ્મ જગતને રસ પડતો જાય છે. તાજેતરમાં જ ગુજરાતી નાટક પરથી બનેલી હિન્દી ફિલ્મ 'ઓહ માય ગોડ'ની સફળતા બાદ હવે ૧૦૨ નોટઆઉટ જેવા સફળ ગુજરાતી નાટક પરથી હિન્દી ફિલ્મ બનાવવાનું નક્કી થયું છે. જેમાં અમિતાભ બચ્ચન મુખ્ય ભૂમિકા ભજવશે. એપ્રિલ માસમાં તેનું શુટીંગ શરૂ થશે.

ગુજરાતી રંગભૂમિનુ સ્તર ખુબ જ ઉંચુ લઈ જવામાં અત્યંત મહત્વનો ફાળો આપનાર જાણીતા ગુજરાતી નાટ્યલેખક સોમ્ય જોશીએ ૧૦૨ નોટઆઉટની સ્ક્રીપ્ટ લખી છે. તેઓ હાલમાં નાટકની સ્ક્રીપ્ટ ફિલ્મની સ્ક્રીપ્ટમાં ફેરવવામાં વ્યસ્ત છે. ૧૦૨ નોટઆઉટ એક એવા વ્યક્તિની વાર્તા છે જેની ઉંમર ૧૦૨ વર્ષની થઈ છે. પરંતુ તેનો જીવન જીવવાનો જુસ્સો ખુબ ઉંચો છે. તે સૌથી વધુ વયે સ્વસ્થ જીવન જીવવાનો રેકોર્ડ કરવાની મહત્વકાંક્ષા ધરાવે છે. આથી તે જીવનમાં ખુબ રસ ધરાવે છે, શારીરિક મર્યાદાઓને દૂર હડસેલી મસ્તીથી જીવન જીવે છે. આસપાસની ઘટનાઓમાં રસ લઈ એકદમ હસમુખા સ્વભાવે જીવન જીવે છે અને પોતાના ૭૫ વર્ષના દિકરા સહિત આસપાસના લોકોને સતત પ્રેરણા આપતો રહે છે. હાસ્યરસથી ભરપુર આ નાટકે અત્યાર સુધી ગુજરાત અને મુંબઈમાં ૩૦૦ થી વધુ ખુબ સફળ શો કર્યો છે. આ નાટક પરથી હિન્દી ફિલ્મ બનાવવાનું નક્કી થતા ફિલ્મના સ્ક્રીન પ્લે અનુસાર તેમાં ફેરફાર કરવામાં આવી રહ્યા છે. ઓહ માય ગોડ ફેમ ડાયરેક્ટર ઉમેશ શુકલ મોટાભાગે આ ફિલ્મનું ડાયરેક્શન સંભાળશે. ફિલ્મમાં ડ્રીમકાસ્ટ અમિતાભ બચ્ચન અને પરેશ રાવલ મુખ્ય ભૂમિકાઓ ભજવશે.

હરિની દૃષ્ટિ...

બહેન તમે ડોકટર છો અને તમારા વર સાંસદ છે, એટલે તમારે ત્યાં હું કામ નહીં કરું... દિલ્હીના બધા સમાચાર હું વાંચુ છું.

ચારણ-ગઢવી સમાજ સ્નેહમિલન તેમજ સન્માન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૯

અખિલ ગુજરાત ચારણ ગઢવી સમાજ વર્ષ ૨૦૭૦ના નૂતન વર્ષને આવકારવા સ્નેહમિલન તેમજ સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ તા. ૧૭ નવેમ્બર રવિવાર સાંજે ૫.૩૦ કલાકે, ડૉ. આંબેડકર હોલ, સેકટર-૧૨ ખાતે યોજવામાં આવશે. સમારોહમાં સમાજના ચાલુ વર્ષે નિવૃત્ત થયેલ તેમજ બઢતી પામેલ અને વિશિષ્ટ ક્ષેત્રે ઉચ્ચ સિધ્ધિ મેળવેલ સમાજના સભ્યોને સન્માનવામાં આવશે. તેજસ્વી વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટની નકલ તા. ૧૦ નવેમ્બર સુધીમાં મહેશદાન ગઢવી, ભરતભાઈ મહેડુ અથવા અજીતદાન ગઢવીને પહોંચાડવા મનહરદાન ગઢવીએ અનુરોધ કર્યો છે.

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદનું સોમવારે સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા તા. ૧૧ નવેમ્બરના રોજ સાંજે ૫.૦૦ કલાકે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧ માં રાખવામાં આવેલ છે. મહામંત્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે.

ગુજરાત બ્રહ્મ સમાજનો ચોથો જીવનસાથી પંસદગી મેળો યોજાશે

અમદાવાદ, તા.૯

અમદાવાદ શહેર પશ્ચિમના શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા ચોથો જીવનસાથી પસંદગી મેળો તા. ૧૫મી ડિસેમ્બર રવિવારે અમદાવાદ મેમનગરના ભુચંગદેવ ચાર રસ્તા પાસે આવેલ સ્વાગત પાર્ટી પ્લોટમાં આયોજીત કરવામાં આવ્યો છે. આ પસંદગી મેળામાં ભાગ લેવા ઈચ્છતા લગ્નોત્સુક ઉમેદવારોએ રજીસ્ટ્રેશન ફોર્મ સંસ્થાના વ્યાસવાડી, નવા વાડજ ખાતે આવેલા કાર્યાલય પરથી મેળવી તા. ૩૦મી નવેમ્બર સુધીમાં પરત આપવાના રહેશે. આ ફોર્મ ભરીને રજીસ્ટ્રેશન કરાવનારને ઉમેદવારોની માહિતી પુસ્તિકા તેમજ ત્રણ વ્યકિત માટેના પ્રવેશ તથા ભોજન પાસ આપવામાં આવશે.

રાજ્ય નિવૃત્ત કર્મચારી મંડળના પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવા રજૂઆતો કરાઈ

ગાંધીનગર, તા. ૯

ગુજરાત રાજ્ય નિવૃત્ત કર્મચારી મંડળ ગાંધીનગર ગાંધીનગર દ્વારા સરકારમાં નિવૃત્ત પેન્શનરોને તાલુકા કક્ષાએથી પેન્શનની ચૂકવણી કરવી, ટી.બી., કેન્સર, રક્તપિતના દર્દીઓનું પોષ્ટીક ભથ્થુ વધારવુ, પેન્શનરોને દરેક જિલ્લામાં ખાનગી હોસ્પિટલમાં દવા કરાવવા માન્યતા આપવી જેવા પ્રશ્નો સરકારમાં કરવામાં આવ્યા છે. આવા પ્રશ્નોનું સરકાર દ્વારા ઝડપથી નિરાકરણ લાવવા નિવૃત્ત કર્મચારી મંડળ દ્વારા જણાવાયું છે.

આંસુનો દરિયો છલકાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તરીકે ફરજ બજાવતા બિપિનભાઈના પિતાને ગઈકાલે બપોરે આ આઘાતજનક સમાચાર મળતા તેઓ ભાંગી પડ્યા હતા. અન્ય પરિવારજનોને પણ ધીમે ધીમે આ વાતની ખબર પડતા તેઓ આ વાત પર વિશ્વાસ જ કરી શકતા ન હતા. નખમાં ય રોગ ન હોય તેવો એકદમ યુવાન બિપિનભાઈ આ રીતે અણધારી રીતે વિદાય લઈ લેશે તેની તો કોઈએ કલ્પના પણ ન કરી હોયને. આજે વહેલી સવારે જયપુરથી તેમના મૃતદેહને ગાંધીનગર લાવ્યા બાદ તેમના નિવાસસ્થાનેથી અંતિમયાત્રા નીકળી હતી. યુવાન દિકરાના મૃતદેહને કાંધ આપનાર નટુભાઈ વ્યાસને જોઈને જાણે સમગ્ર વાતાવરણ શોકમાં ડુબી ગયું હતું. બધી જ આંખો રડી રહી હતી. સમગ્ર વાતાવરણ જાણે ડુસકા ભરતું હોય તેવું લાગતું હતું. જેને જેને પણ આ વાતની જાણ થઈ તેઓ સૌ કોઈ ઘેરા શોકમાં ડુબી ગયા હતા. બિપિનભાઈની અંતિમયાત્રામાં નગરના વેપારી અગ્રણીઓ, કેમ્બેનો સ્ટાફ, સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. સદ્ગતનું બેસણું વાવોલ-ગોકુળપુરાના દ્વારકેશ રેસિડન્સી ખાતે રવિવારે સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ દરમ્યાન રાખેલ છે.

આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર ખાતે ચિલ્ડ્રન શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૯

આર્ટ ઓફ લીવીંગ સંસ્થા દ્વારા આર્ટ એક્ષલ શિબિરનું કોર્સ આયોજન તા. ૧૨ થી ૧૭ નવેમ્બર બપોરે ૩.૩૦ થી ૬.૩૦ કલાક દરમ્યાન મેઘમલ્હાર સે. ૧૧ ખાતે કરવામાં આવ્યું છે.

શ્રી-શ્રી રવિશંકરજી પ્રેરિત બાળકો માટે ૮ થી ૧૨ વર્ષ માટે આર્ટ એક્ષલ કોર્ષ અને ૧૩ થી ૧૯ વર્ષ માટે યસ કોર્ષ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિરમાં ચિલ્ડ્રન ક્રિયા, સુદર્શન ક્રિયા, પ્રાણાયમ, યોગાસન, તેમજ ખરાબ આદતો કેવી રીતે છોડવી તેની સમજણપૂર્વક માહિતી આપવામાં આવશે.

શિબિરનો મુખ્ય હેતુ આજના બાળકો ઝડપથી ગુસ્સો કરતા હોય છે. તેમજ ડર, ઈર્ષ્યા શરમ નિરાશા, અણગમો, જીદ્દીપણુ જેવી નકારાત્મકતાથી ઘેરાઈ જતા હોય છે. શિબિરમાં ભાગ લેવા માટે સંસ્થાનો તેમજ કુસુમબેન જોષી અથવા સુરેશભાઈ પરમારનો સંપર્ક કરવો.

શ્રી ગજાનન સેવા સમિતિ અને એમ.પી. ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભિલોડા તાલુકાના વનવાસી બંધુઓને બસો પેકેટ મીઠાઈ, નમકીન તેમજ વાંટડા ગામના ૪૦ જેટલી વૃદ્ધ બહેનોને વિવિધ પ્રકારની ખાદ્ય સામગ્રી તેમજ કપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

(તસવીર : દિપક જાની)

ઇલેકશનના વર્ષમાં ૧૭ આઈએએસ વય નિવૃત્ત થશે

લોકસભાની ચૂંટણીનું યુદ્ધ રાહુલ ગાંધી વિરૂદ્ધ નરેન્દ્ર મોદી વચ્ચે છે. પાર્ટી સાઈડલાઈન છે ત્યારે ગુજરાતના વહીવટી તંત્રમાં એક મોટું પરિવર્તન આવી રહ્યું છે. રાજ્યના ચીફ સેક્રેટરી ડો.વરેશ સિંહા સહિત સિનિયર મોટસ્ટ ૧૭ જેટલા આઈએએસ અધિકારીઓ વયનિવૃત્ત થઈ રહ્યાં છે. મુખ્યત્વે એસ.આર.રાવ, રણજીત બેનરજી, મહેશ્વર શાહુ, હરિભાઈ પટેલ અને એસ.એ.ગોલકિયા જાન્યુઆરીમાં, વિનય વ્યાસા અને પી.એચ.શાહ ફેબ્રુઆરીમાં, ડો.ડી.એચ.બ્રહ્મભટ્ટ માર્ચમાં, વરેશ સિંહા અને એમ.વી.પારગી એપ્રિલમાં, એલ.સી.પટેલ, જે.બી.વોરા અને એમ.બી.પટેલ જૂનમાં, ડી.પી.જોષી ઓગષ્ટમાં અને જી.એ.શાહ સપ્ટેમ્બરમાં નિવૃત્ત થાય છે. પરંપરાગત પદ્ધતિ -માણે રાજ્યના ચીફ સેક્રેટરીઓને નોકરી પછી નોકરીના કોન્ટ્રાકટ મળતા હોય છે તેમ વરેશ સિંહાને પુર્નનોકરી મળવાની સંભાવના જોવામાં આવે છે. મહત્વની બાબત એ છે કે રાજ્યના ચીફ સેક્રેટરી અને ઉદ્યોગ વિભાગના એસીએસ માટેની શોધ કરવી પડે તેમ છે, કારણ કે રાજ્ય સરકારના વહીવટમાં આ બન્ને પોસ્ટ ખૂબ અગત્યની છે....!!

સાથિયો પૂરાયા પછી આફત આવી નથી...

ગુજરાતનું પાટનગર ગાંધીનગર ખસેડાયું પરંતુ તેની રચનામાં સાથિયો પૂરો નહી હોવાથી તમામ મુખ્યમંત્રીઓ ઉપર રાજકીય આફત આવતી હતી. રાજ્યના અત્યાર સુધીના તમામ મુખ્યમંત્રીઓ બળવાનો ભોગ બની ચૂક્યા છે. જાણીને નવાઈ લાગશે કે ગાંધીનગરની રચના સાથિયાના ચાર ખૂણા જેવી છે. ત્રણ ખૂણા તો ડેવલપ થયા હતા પરંતુ અમદાવાદ તરફનો સાબરમતી નદી પારનો ખૂણો અન-ડેવલપ હતો. સ્વ.કે.કા.શાસ્ત્રીએ તેમના એક પુસ્તકમાં લખ્યું છે કે" જ્યાં સુધી ગાંધીનગરની રચનામાં સાથિયો પૂરો નહી થાય ત્યાં સુધી અપશુકન રહેવાના છે, જ્યારે સાથિયો પૂર્ણ થશે ત્યારે કોઈ આફત નહી આવે". આ પુસ્તકનો નરેન્દ્ર મોદીએ અભ્યાસ તો કર્યો હશે પણ તેને અમલમાં મૂકતાં આજે તેમની પાર્ટીમાં રાજકીય અસ્થિરતા જોવા મળતી નથી...!! મોદીએ ગાંધીનગરના સાથિયાનો એક ખૂણો એટલે કે સાબરમતી નદીના બીજા છેડાનો વિકાસ કર્યો છે. આ સ્થળે ગિફ્ટ સિટીનું નિર્માણ

કર્યું છે. વાઈલ્ડરનેસ પાર્ક બનાવ્યો છે. આજે આ ખૂણો ડેવલપ થયા પછી એટલે કે ૨૦૦૭ પછી મોદી ઉપર કોઈ રાજકીય સંકટ આવ્યું નથી*!!

કેશુભાઇને નડે છે ઝડફિયા અને સુરેશ મહેતા...

ગુજરાત પરિવર્તન પાર્ટીના પ્રેસિડન્ટ કેશુભાઈ પટેલને ભાજપમાં ફરી જોડાવું છે, કારણ કે આજે તેમને મોદી નહી તેમના નજીકના મિત્રો જ નડી રહ્યાં છે. ૨૦૦૧ થી ૨૦૧૩ સુધીના ૧૨ વર્ષમાં કેશુભાઈ પટેલને નરેન્દ્ર મોદી નડી રહ્યા હતા. મોદીને હટાવવા તેમણે અને ભાજના અસંતુષ્ટોએ ૨૦૦૪ થી ૨૦૦૭ સુધી ખૂબ -યાસો કર્યા પરંતુ હાઈકમાન્ડે તેમનું સાંભળ્યું નહી, છેવટે કેશુભાઈએ પાર્ટી છોડી દીધી... તેમની બનાવેલી પરિવર્તન પાર્ટીમાં હવે પરિવર્તનનો પવન વાઈ રહ્યો છે. છ મહિનામાં નવાજૂનીના એંધાણ છે. કેશુભાઈ પટેલને ભાજપમાં જોડાવાની ઈચ્છા તો છે, પરંતુ સુરેશ મહેતા અને ગોરધન ઝડફિયા તેમને જવા દેતા નથી. આ બન્ને નેતાઓના બાકી બચેલા રાજકારણને ટકાવી રાખવા કેશુભાઈ હજી સુધી કોઈ નિર્ણય લઈ શક્યા નથી...જો કે સચિવાલય એવું કહે છે કે નવા વર્ષના દિવસોમાં પરિવર્તન પાર્ટીમાં કોઈ પરિવર્તન જોવા મળે તો નવાઈ પામવા જેવું નથી...!!

લોકસભામાં ત્રણ કેન્દ્રીય મંત્રીઓ મોદીના ટારગેટ...

ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકો છે. આ તમામ બેઠકો તો ભાજપને મળી શકે તેમ નથી, કારણ કે કોંગ્રેસ પાસે હજી ખમતીધર ઉમેદવારો જોવા મળે છે, કે જેઓ મતવિસ્તારને પકડીને બેસી રહ્યાં છે. એક કરિશ્મા એવો થઈ શકે છે કે ભાજપને ૨૬ બેઠકો ન મળે તો કોઈ વાંધો નથી, પરંતુ પાર્ટીમાં અંદરખાને ગુજરાતના ત્રણ કેન્દ્રીય મંત્રીઓને હરાવવાની સ્ટેટેજી બનાવવામાં આવી છે. આ મંત્રીઓમાં ખેડાના દિનશા

કે.કા.શાસ્ત્રીનું પુસ્તક વાંચીને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ તેનો અમલ પણ કર્યો ....

ત્રણ કેન્દ્રીય મંત્રીઓના લોકસભા મત વિસ્તાર મોદીના રડારમાં આવી ગયા છે....

પટેલ કે જેઓ ૨૦૧૪?? ચૂંટણી લડે તો તેમને હરાવવા તેવું નક્કી કરવામાં આવ્યું છે. બીજા છે આણંદના ભરત સોલંકી અને ત્રીજા છે બારડોલીના તુષાર ચૌધરી. આ ત્રણેય સંસદસભ્યો કેન્દ્રીય મંત્રીમંડળમાં સામેલ છે. મોદીને આ ત્રણેય બેઠકો ઉપર ભાજપના ઉમેદવારની જીત જોવી છે. ૨૦૧૨?? વિધાનસભાની ચૂંટણીમાં મોદીએ ટારગેટ -માણે કોંગ્રેસના ત્રણ દિગ્ગજોને હાર અપાવી હતી. જેમના નામ ભૂલી શકાય તેવા નથી. એક છે હાલના પાર્ટી પ્રેસિડન્ટ અર્જુન મોઢવાડિયા, બીજા છે વિરોધપક્ષના પૂર્વ નેતા શક્તિસિંહ ગોહિલ અને ત્રીજા છે -દેશના પૂર્વ પ્રેસિડન્ટ સિદ્ધાર્થ પટેલ. વિધાનસભાની જેમ લોકસભામાં મોદીનો આ ટારગેટ છે...!!

સોશ્યલ સાઇટ ઉપર હવે તો કોંગ્રેસ પણ છવાઇ ...

સોશ્યલ સાઇટનો સૌથી વધુ ઉપયોગ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી કરી રહ્યાં છે. તેઓ છેલ્લા ૧૦ વર્ષથી ઓનલાઇન લોકસંપર્ક કરી રહ્યાં છે. વિડીયો કોન્ફરન્સ થી લઇને યુએસમાં ઓનલાઇન -વચન પણ આપી રહ્યાં છે. વિધાનસભાની ચૂંટણીમાં તેમનો થ્રી-ડી હાઇટેક -ચાર ખૂબ ચર્ચામાં હતો... મોદીની સૂચનાથી ભાજપના સંસદસભ્યો અને ધારાસભ્યો ફેસબુક અને ટ્વિટર જેવા માધ્યમનો ખૂબ ઉપયોગ કરી રહ્યાં છે. જો કે ભાજપના જે નેતાઓ સોશ્યલ સાઇટ ઉપર એક્ટિવ છે તેઓ મોદીનો ફોટો કે તેમનું અવતરણ મૂકીને સાઇડમાં તેમનો સંદેશ વહેતો કરે છે. આ જોઇને કોંગ્રેસમાં પણ જોમ આવ્યું છે. દેર આયે દૂરસ્ત આયે... કોંગ્રેસ પણ હવે તો સોશ્યલ સાઇટ ઉપર છવાઇ રહી છે....ધારાસભ્યો ઓછા છે પણ નેતાઓની લાઇન લાગી છે. -દેશના નેતાઓ અર્જુન મોઢવાડિયા, શક્તિસિંહ ગોહિલ અને શંકરસિંહ વાઘેલા પણ એક્ટિવ બન્યા છે. બે યુવતિઓના નામ સાથેના ફેસબુક એકાઉન્ટમાં મોદી સામે રીતસર મોરચો ખોલાયો છે. આ યુવતિઓ કોંગ્રેસની સભ્ય છે કે કેમ તેની કોઇ માહિતી નથી પરંતુ મોદી વિરોધી પોસ્ટ અને કાર્ટુન અપલોડ કરવામાં બન્ને ખૂબ એક્ટિવ જોવા મળે છે... ફેસબુક ઉપર આ બન્ને યુવતિઓએ હલચલ મચાવી દીધી છે...!!